RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 239* Date: 19.06.2023, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## 'કચ્છના લોકોએ વાવાઝોડાં સામે હિમ્મત બતાવી', PM મોદીએ કરી ૧૦૨મી વખત 'મન કી બાત'



વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે તેમના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' દ્વારા દેશવાસીઓ સાથે તેમના વિચારો શેર કરી રહ્યા છે. મન કી બાતનો આ ૧૦૨મો એપિસોડ છે. ઉલ્લેખનીય છે કે મન કી બાત દર મહિનાના છેલ્લા રવિવારે સવારે ૧૧ વાગ્યે પ્રસારિત થાય છે પણ આ વખતે ૨૫ જૂને છેલ્લો રવિવાર છે અને તે દરમિયાન વડાપ્રધાન મોદી અમેરિકાના પ્રવાસે હશે. એટલા માટે આ વખતે મન કી બાત એક અઠવાડિયા વહેલા ટેલિકાસ્ટ કરવામાં આવી રહી છે. તેમણે આ દરમિયાન વાવાઝોડાં સામે હિમ્મત બતાવનારા કચ્છના લોકોની પ્રશંસા કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૩ જૂને જ ટ્વીટ કરીને માહિતી આપી હતી કે આ વખતે મન કી બાત કાર્યક્રમ ૧૮ જૂન, ૨૦૨૩ના રોજ પ્રસારિત થશે. તેમણે આ કાર્યક્રમ માટે દેશના નાગરિકો પાસેથી સૂચનો મંગાવ્યા હતા. પીએમ મોદીએ કહ્યું હતું કે તમારા સૂચનો મેળવીને હંમેશા આનંદ થાય છે. દ્વહ્રર્ કે અથવા સ્અર્દ્ધ પર તમારો અભિપ્રાય શેર કરો અથવા ૧૮૦૦-૧૧-૭૮૦૦ ડાયલ કરીને તમારો સંદેશ રેકોર્ડ કરો.

પીએમ મોદીએ આગળ કહ્યું, તમે બધા જાણો છો કે, હું આવતા અઠવાડિયે અમેરિકામાં હોઈશ અને ત્યાંનું શેડ્યૂલ ખૂબ જ વ્યસ્ત રહેવાનું છે, અને તેથી મેં વિચાર્યું કે જતા પહેલા મારે તમારી સાથે વાત કરવી જોઈએ, આનાથી સારું શું હોઈ શકે.

બિપરજોય વાવાઝોડાનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, બે-ત્રણ દિવસ પહેલા આપણે જોયું કે દેશના પશ્ચિમ ભાગમાં કેટલું મોટું ચક્રવાત ત્રાટક્યું છે. જોરદાર પવન, ભારે વરસાદ. ચક્રવાત બિપરજોયે કચ્છમાં ભારે તબાહી મચાવી છે, પરંતુ કચ્છના લોકોએ જે હિંમત અને સજ્જતા સાથે આવા ખતરનાક ચક્રવાતનો સામનો કર્યો તે પણ એટલું જ અભૂતપૂર્વ છે. તેમણે કહ્યું કે, એક સમયે, બે દાયકા પહેલા વિનાશક ભૂકંપ પછી કચ્છ ક્યારેય ફરી પગભર નહી થઈ શકે તેમ કહેવાયું હતું. આજે એ જ જિલ્લો દેશના સૌથી ઝડપી વિકાસશીલ જિલ્લાઓમાંનો એક છે. મને ખાતરી છે કે કચ્છના લોકો બિપરજોય ચક્રવાતના કારણે થયેલી તબાહીમાંથી ઝડપથી બહાર આવી જશે.પીએમ મોદીએ કહ્યું કે, ભારતે ૨૦૨૫ સુધીમાં ટીબીને નાબૂદ કરવાનો સંકલ્પ લીધો છે. પણ ટી.બી. મુક્ત ભારત બનાવવાનું લક્ષ્ય ચોક્કસપણે મોટું છે. એક સમય હતો જ્યારે ટી.બી.ની જાણ થયા પછી પરિવારના સભ્યો જ દૂર થઈ જતા હતા, પરંતુ આજનો સમય છે જ્યારે ટી.બી. દર્દીને પરિવારનો સભ્ય બનાવીને મદદ કરવામાં આવી રહી છે.

## જમ્મુ કાશ્મીર અને લદ્દાખમાં ૨૪ કલાકની અંદર ૫ વખત ભૂકંપ આવ્યો, કોઈ નુકસાન નહીં

નવીદિલ્હી,તા.૧૮


જમ્મુ કાશ્મીર અને લદ્દાખમાં ૨૪ કલાકની અંદર હળવી તીવ્રતાવાળા ૫ ભૂકંપ આવ્યા, જેમાં ૪.૫ની તીવ્રતા સૌથી વધારે હતી. જમ્મુ કાશ્મીરમં શનિવાર બપોરે ૨.૦૩ વાગ્યે ૩.૦ની તીવ્રતાનો ભૂકંપ આવ્યા બાદ પ્રથમ ઝટકો અનુભવાયો હતો. કટરામાં રવિવારે ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૧ રહી હતી. ભૂકંપ આજે વહેલી સવારે લગભગ ૩.૫૦ કલાકે આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર કટરાથી ૧૧ કિમી ઊંડાઈમાં હોવાનું કહેવાય છે. આ અગાઉ લદ્દાખના લેહમાં ભૂકંપના ઝટકા અનુભવાયા હતા.

જણાવ્યા અનુસાર, પૂર્વોત્તર લેહમાં આવેલા આ ભૂકંપનું રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૪.૧ રહી હતી. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, ભૂકંપ રાતે ૨ વાગ્યેને ૧૬ મીનિટ પર આવ્યો હતો. પ્રાપ્ત જાણકારી અનુસાર આ ભૂકંપથી કોઈ પણ પ્રકારના જાનમાલનું નુકસાન થયું નહોતું. મૌસમ વિભાગના એક અધિકારીએ કહ્યું કે, બપોરે ૨.૦૩ વાગ્યે આવેલા ૩.૦ની તીવ્રતાના ભૂકંપનું કેન્દ્ર જમ્મુ કાશ્મીરના નેશનલ હાઈવેની સાથે આવેલા પહાડી રામબન જિલ્લામાં હતું.

તેમણે કહ્યું કે, ભૂકંપની ઊંડાઈ ૩૩.૩૧ ડિગ્રી ઉત્તરી અક્ષાંશ અને ૭૫.૧૯ ડિગ્રી પૂર્વી દેશાંતર પર ધરતીની પરતથી ૫ કિમી નીચે હતી. લદ્દાખમાં આવેલા ભૂકંપની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૪.૫ ડિગ્રી રહી. ૧૦ મીનિટ બાદ જમ્મુ કાશ્મીરના ડોડા જિલ્લામાં ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. તેની તીવ્રતા રીક્ટર સ્કેલ પર ૪.૪ રહી. આ અગાઉ ૧૩ જૂને જમ્મુ કાશ્મીરના ડોડા અને કિશ્તવાડમાં ભૂકંપના આકરા ઝટકા અનુભવાયા હતા. જેની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૫.૪ માપવામાં આવી હતી. આ દરમ્યાન ઘરોમાં તિરાડો પડેલી જોવા મળી હતી. છેલ્લા પાંચ દિવસમાં ડોડા જિલ્લામાં આ સાતમો ભૂકંપ હતો.

## અમેરિકાએ ચીનનો વિકાસશીલ દેશનો દરજ્જો છીનવ્યો, હવે ભારતનો લાગશે નંબર! જાણો શું થશે નુકસાન

અમેરિકાએ ચીનને આર્થિક મોરચે જોરદાર ઝટકો આપ્યો છે. યુએસ સેનેટે એક નવા કાયદાને મંજૂરી આપી છે, જેના હેઠળ અમેરિકા હવે ચીનને વિકાસશીલ દેશનો દરજ્જો નહીં આપે. અમેરિકાના આ પગલાની ચીન પર ભારે અસર પડશે. ચીન હવે વિશ્વ બેંક અને અન્ય નાણાકીય સંસ્થાઓ પાસેથી સરળતાથી અને ઓછા વ્યાજ દરે લોન મેળવી શકશે નહીં. વિકાસશીલ દેશ હોવાના કારણે ચીનને સસ્તી લોન સરળતાથી મળતી હતી. પરંતુ તે સમયે ચીને મોંઘી લોન આપીને વિશ્વના ગરીબ દેશોને પોતાના દેવાની જાળમાં ફસાવ્યા હતા.અમેરિકી સેનેટમાંથી કાયદાને મંજૂરી મળ્યા બાદ અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન હવે વિશ્વ વેપાર સંગઠન જેવા બહુપક્ષીય સંગઠનોને ચીનની અર્થવ્યવસ્થાને 'વિકસિત અર્થતંત્ર'નો દરજ્જો આપવા માટે તૈયાર કરવાનો પ્રયાસ કરશે. અમેરિકી સેનેટની ફોરેન રિલેશન કમિટીની પહેલ પર ચીન પાસેથી તેનો વિકાસશીલ દેશનો દરજ્જો છીનવી લેવામાં આવ્યો છે. ચીન અમેરિકાના આ પગલાને એશિયન દેશના વિકાસને દબાવવાના ષડયંત્ર તરીકે જોઈ રહ્યું છે.અમેરિકાનું માનવું છે કે, વિકાસશીલ દેશોને મળતી તમામ સુવિધાઓ હવે ચીનને આપી શકાય નહી. ચીનની અર્થવ્યવસ્થા ૨૦ ટ્રિલિયન ડોલરની છે અને તેણે વિશ્વના ઘણા દેશોમાં અબજો ડોલરનું રોકાણ કર્યું છે. જેના કારણે હવે ચીનને વિકાસશીલ દેશોની



તમામ છૂટ નહી મળે. કારણ કે ચીન વિકાસશીલ દેશના દરજ્જાનો દુરુપયોગ કરી રહ્યું હતું.સસ્તી લોન ઉપરાંત વિકાસશીલ દેશોને આંતરરાષ્ટ્રીય વેપારમાં પણ લાભ મળે છે. વિશ્વ બેંક દર વર્ષે વિકાસશીલ દેશોને અબજો ડોલરની લોન આપે છે. યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટના અધિકારીએ એપ્રિલમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું હતું કે, ચીન ખૂબ જ ચાલાક છે. વિકાસશીલ દેશના દરજ્જાનો ફાયદો ઉઠાવીને તેણે વિશ્વના આર્થિક માળખાને બરબાદ કરી નાખ્યું છે અને ગરીબ દેશોને દેવાની જાળમાં ફસાવ્યા છે.વિકસિત દેશમાં અદ્યતન ઔદ્યોગિકરણ, ઉચ્ચ સ્તરની આર્થિક સમૃદ્ધિ, બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને તકનીકી પ્રગતિ તેમજ નાગરિકોનું ઉચ્ચ જીવનધોરણ છે. આવા દેશોમાં સામાન્ય રીતે સુસ્થાપિત ઉદ્યોગો, મજબૂત સંસ્થાઓ અને વ્યાપક સામાજિક કલ્યાણ પ્રણાલીઓ તેમજ ઉચ્ચ સાક્ષરતા દર અને ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ હોય છે. ભારતના સંદર્ભમાં જોઈએ તો તે વિકાસશીલ દેશ છે. ચીનની સરખામણીએ ભારતનું અર્થતંત્ર નાનું છે. તેથી જ ભારતને વિકાસશીલ દેશનો દરજ્જો મળ્યો છે. ભારતની જીડીપી ૩.૭૫ ટ્રિલિયન ડોલર છે.

## ન તો ભગવાન રામનો છે, ન સામાન્ય લોકોનો છે", આપઁ નેતા સંજય સિંહે ભાજપ પર પ્રહારો કર્યા

નવીદિલ્હી,તા.૧૮

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સભ્ય અને યુપી પ્રભારી સંજય સિંહે ભાજપ પર ભગવાન રામના નામ પર સામાન્ય લોકોને લૂંટવાનો આરોપ લગાવ્યો હતો. ભાજપ પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'જય શ્રી રામ' ના નારા લગાવતા રેલ, સેલ, એલઆઈસી, કોલસો, બેંક, રોડ, વીજળી, પાણી બધું જ વેચી રહ્યા છે.

સંજય સિંહે યુપીના જિલ્લામાં 'ગાંવ ચલો અભિયાન' શરૂ કર્યું છે. આ કાર્યક્રમ દરમિયાન આપ નેતાએ કહ્યું કે ભાજપના નેતાઓ ન તો ભગવાન રામના છે અને ન તો સામાન્ય લોકોના છે. જે લોકો આ દેશને વેચવાનો પ્રયાસ કરી રહ્યા છે તેમને 'ભારત માતા કી જય'ના નારા લગાવવાનો કોઈ અધિકાર નથી. તેમની સાથે સાવચેત રહો. બરેલીમાં લોકો ચેતવણી સાથે કાજલ વેચે છે, 'કોપીકેટથી સાવધ રહો.'

## અમેરિકી કંપનીએ તૈયાર કર્યું સિંગર સીટર ડ્રોન, એક કલાકની ટ્રેનિંગ બાદ ગમે તે વ્યક્તિ ઊડાડી શકશે

અમેરિકાના ઓસ્ટિન, ટેક્સાસ સ્થિત ૈંહ્લ છૈંઈઝઈછહ્લ કંપનીએ ૐઈઠછ ૈંહ્લ નામનું એક ડ્રોન તૈયાર કર્યું છે. આ એક સિંગલ સીટર ડ્રોન છે. જોકે આ ડ્રોનની એક સારી વાત એ છે કે કોઈપણ વ્યક્તિને આ ડ્રોન ઉડાડવા માટે માત્ર ૧ કલાકની ટ્રેનિંગ આપવામાં આવે તો પછી તે વ્યક્તિ સરળતાથી તે ડ્રોનને ઓપરેટ કરી શકશે. હેક્સા લિફ્ટ ડ્રોન એવું પ્રથમ રિક્રિએશનલ



એરક્રાફ્ટ હશે જે લોકો માટે ઉપલબ્ધ કરાવાશે.

આ ડ્રોનના આકારની વાત કરીએ તો તમને આ ડ્રોન એકદમ કરોળીયા જેવું જ લાગશે. વીડિયોમાં તમે જોઈ શકશો એક જ વ્યક્તિ તેને ઓપરેટ કરી રહ્યો છે. આ ડ્રોન દેખાવમાં સુંદર અને વજનમાં હળવું છે. આ ડ્રોન ઉપલબ્ધ થતાંની સાથે જ લોકોને ટ્રાફિક જેવી સમસ્યાઓથી મુક્તિ મળી શકે છે.

આ ડ્રોન એક માણસ બેસી શકે તે રીતે તૈયાર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તેમાં અત્યાધુનિક સાધનો અને ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે. તેમાં મોટી એલઈડી સ્ક્રીનની વ્યવસ્થા કરવામાં આવી છે જે તમને ૐજી, ફઇ (વર્ચુયલ રિયાલીટી) જેવી ટેકનોલોજીની મદદ પૂરી પાડશે.

જો કોઈ વ્યક્તિએ આ ડ્રોન ઉડાડવું હોવ તો તે પહેલા લગભગ એક કલાક સુધીની બેઝીક ટ્રેનિંગ લેવી અનિવાર્ય છે. આ અદ્ભુત ૈંહ્લ એરક્રાફ્ટની કિંમતની વાત કરવામાં આવે તો અંદાજિત ૪૯૫ હજાર ડોલર જેટલી થાય છે. જે એક સામાન્ય વ્યક્તિની પહોંચની બહાર હોઈ શકે છે.

## ભાજપ સાંસદ બૃજભૂષણ શરણ સિંહના કાફલા પર લોકોએ પથ્થરમારો કર્યો, ખુરશીઓ લઈ તૂટી પડ્યાં

લખનૌ,તા.૧૮

ગોંડાથી ભાજપ સાંસદ બૃજભૂષણ શરણ સિંહના એક કાર્યક્રમમાં ભારે હોબાળો થયો હતો. જેમાં તેમના કાફલા પર પણ હુમલો થયો હતો. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં કાર્યક્રમ દરમ્યાન હોબાળો થયો અને ભાજપ સાંસદના કાફલા પર પણ લોકોએ પથ્થરમારો કર્યો હતો.

કહેવાય છે કે, કાર્યક્રમમાં બે જૂથ દ્વારા ભાજપ નેતા સાથે સેલ્ફી લેવાને લઈને હોબાળો થયો હતો, જે બાદમાં મારપીટ સુધી પહોંચી ગયો હતો. જો કે, આ હોબાળામાં બૃજભૂષણ શરણ સિંહ સુરક્ષત રીતે નીકળી ગયા હત અને તેમને કોઈ તકલીફ થઈ નથી.

જાહેર કરવામાં આવેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, ભાજપ સાંસદ બૃજભૂષણ શરણ સિંહના એક કાર્યક્રમમાં બે જૂથના લોકોને ડખો થયો અને હોબાળાનું સ્વરુપ ધારણ કરી લીધું. વીડિયો અનુસાર, વાત ત્યાં વધી ગઈ કે, લોકો કાર્યક્રમમાં ખુરશીઓ ઉપાડીને મારવા લાગ્યા હતા.

## ભાજપ નેતાએ મણિપુરમાં કેન્દ્રીય શાસન લાદવાની હિમાયત કરીને ગૃહ મંત્રી અમૃત શાહને ઘેર્યા

નવીદિલ્હી,તા.૧૮

આકરી હિંસાને પગલે મણીપુર ભડકે બળી રહ્યું છે. આવી સ્થિતિ વચ્ચે અનેક લોકોના મોત નીપજ્યા છે. ત્યારે આ ઘટનાને ધ્યાનમાં રાખી અને ભાજપના જ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ પોતાની પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ગૃહ મંત્રી અમિત શાહ પર શાબ્દિક વાર કર્યો હતો.સુબ્રમણ્યમ સ્વામીએ ટ્વીટર માફરતે સવાલો કર્યા હતા. તેમણે રાજ્યમાં કેન્દ્રીય શાસન લાદવાની હિમાયત કરીને ગૃહ મંત્રી અમૃત શાહને ઘેર્યા હતા.

ટ્વીટમાં સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું કે મણીપુર હિંસાને પગલે મણીપુરમાંથી ભાજપ સરકારને બરતરફ કરી અને બંધારણની કલમ ૩૫૬ મુજબ કેન્દ્રીય શાસન લાદી દેવાનો સમય આવી ગયો છે અને અમિત શાહને રમત મંત્રાલયમાં મોકલી દેવા જોઈએ. તેવો કટાક્ષ કર્યો હતો. હિંસાને પગલે હાલ રાજ્યના કરફ્યુ લાદી દેવાયો છે. નેટ સેવા પર પણ રોક લગાવી દેવામાં આવી છે. ત્યારે અમિત શાહે શાંતિ સ્થાપવાના પ્રયાસના ભાગરૂપે મુકલાત લીધી હતી સરકારે શાંતિ સમિતિની રચના પણ કરી છે.

## મણિપુર ૩ મેથી હિંસા ચાલી રહી છે અને આ સમગ્ર મામલે પીએમ મોદી તરફથી હજુ સુધી કોઈ ટિપ્પણી આવી નથી.: કોંગ્રેસ

નવીદિલ્હી,તા.૧૮

મણિપુરમાં હિંસાની આગ હજુ શાંત પડી રહી નથી. છેલ્લા દોઢ મહિનાથી રાજ્યમાં હિંસા ચાલી રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના તમામ પ્રયાસો બાદ પણ હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. ઘણા જિલ્લાઓમાં કર્ફ્યુ હજુ પણ લાગુ છે. હવે કોંગ્રેસની આગેવાની હેઠળના મણિપુરના દસ વિપક્ષી દળોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાતની માંગ કરી છે અને તેમની દરમિયાનગીરીની અપીલ કરી છે.

હિંસા અંગે દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે મણિપુરના ત્રણ વખતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઓ ઈબોબી સિંહે કહ્યું કે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાતની માંગ કરી છે. તેમણે કહ્યું કે તેઓ ૨૦ જૂને યુએસ રવાના થાય તે પહેલા હિંસા પર પીએમ મોદીના જવાબની રાહ જોઈ રહ્યા છે. ઈબોબી સિંહે કહ્યું, તેમનો ઈરાદો રાજકીય લાભ લેવાનો નથી. અમે માત્ર શાંતિ ઈચ્છીએ છીએ અને મદદ ઈચ્છીએ છીએ.

## તંત્રી લેખ......

# વાવાઝોડાથી અંદાજે ૪ હજાર કરોડ રૂપિયાનું નુકસાન

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શનિવારે બિપરજોય વાવાઝોડાને કારણે થયેલા નુક્સાનનો અંદાજ મેળવ્યો હતો. હવાઇ નિરીક્ષણ બાદ તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સરકારના મંત્રીઓ અને અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૧ જૂને અમેરિકાના સત્તાવાર પ્રવાસે જવા રવાના થાય તે પૂર્વે ગુજરાત માટે રાહત પેકેજ જાહેર કરી શકે છે. સરકારના સૂત્રોના જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર અંદાજે ૧,૫૦૦ કરોડ રૂપિયાની સહાયની જાહેરાત કરશે.

હાલ અંદાજિત નુક્સાન ચારથી પાંચ હજાર કરોડનું હોવાની ગણતરી મૂકાઇ છે, જેમાંથી સરકારી જાહેર સંપત્તિને જ લગભગ ૨,૫૦૦ કરોડ રૂપિયાનું નુક્સાન થયું હોવાનો અંદાજ છે. તે સિવાય સામાન્ય નાગરિકોની ખાનગી સંપત્તિ, ખેડૂતો-પશુપાલકો તથા માછીમારોને ૧,૫૦૦ કરોડ રૂપિયાનું નુક્સાન થયું હોઇ શકે છે. જો કે સરકાર ખાનગી સંપત્તિના નુક્સાનને લગતો સર્વે વિધિવત્ રીતે કરીને તેની વિગતો જાહેર કરશે. કેન્દ્ર સરકાર પોતાના ડિઝાસ્ટર રિલિફ ફંડમાંથી ગુજરાત માટેના રાહત પેકેજના નાણાં ફાળવશે. રાજ્ય સરકાર પણ પોતાના કુદરતી આપત્તિ માટેના રાહત ફંડમાંથી ૧૫૦ કરોડ રૂપિયાની સહાય જાહેર કરશે.ગુજરાત સરકારે જાહેર કરેલી વિગતો અનુસાર બિપોરજોય વાવાઝોડામાં સીધી રીતે કોઇ વ્યક્તિનું રાજ્યમાં મૃત્યુ નોંધાયું નથી. વાવાઝોડાના સમયમાં અલગ-અલગ ઘટનાઓને કારણે થયેલાં મૃત્યુના સંજોગોમાં રાજ્ય સરકાર તરફથી બે લાખ અને કેન્દ્ર તરફથી બે લાખ રૂપિયા મળીને ચાર લાખની સહાય જાહેર થઇ શકે છે. આ ઉપરાંત ઈજાગ્રસ્ત લોકોની સારવાર માટેનો ખર્ચ પણ સરકાર ઉપાડી લેશે.પાટણ બિપરજોય વાવાઝોડાની અસરને કારણે ઉત્તર ગુજરાતમાં શુક્રવાર અને શનિવારે મેઘતાંડવ સર્જાયો હતો. સાંતલપુર પંથક માં ભારે પવન સાથે પાંચ ઈંચ વરસાદ ખાબકતા એશિયાનો સૌથી મોટો ચારણકા સોલાર પાર્ક બેટમાં ફેરવાઈ ગયો હતો અને સોલારની પ્લેટોને પણ નુક્સાન થયું છે. જેના કારણે કેટલાક ભાગમાં વીજ ઉત્પાદન બંધ થઈ ગયું છે. રણકાંઠે ૫૦૦ એકર જમીનમાં પથરાયેલા સોલાર પાર્ક દરરોજ ૭૩૦ મેગા વોલ્ટ વીજ ઉત્પાદન અને ઈન્સ્ટોલ કરવાની ક્ષમતા ધરાવે છે.

# આચાર્ય લોકેશજીએ દેશવાસીઓને જીવંત પ્રાણીઓની નિકાસ નીતિનો વિરોધ કરવા હાકલ કરી હતી



## આચાર્ય લોકેશજીએ જીવંત પ્રાણીઓની નિકાસ નીતિ વિરુદ્ધ વડાપ્રધાન અને રાષ્ટ્રપતિને પત્ર લખ્યો

આચાર્ય લોકેશજીએ સરકાર દ્વારા ચલાવવામાં આવતી જીવંત પ્રાણીઓની નિકાસ નીતિનો વિરોધ કરવાની અપીલ કરી છે. તેમણે આ નીતિને પ્રથમ અને અગ્રણી માનવતાવાદી બાબત તરીકે જોઈ છે અને તેને અન્યાયી અને સાંસ્કૃતિક માન્યતાઓ વિરુદ્ધ ગણાવી છે.

યુએસએની ધરતી પરથી ‘વિશ્વ શાંતિ દૂત’ આચાર્ય લોકેશજીએ તમામ ધર્મ અનુયાયીઓ, પ્રાણી પ્રેમીઓ, વિવિધ ધાર્મિક સંસ્થાઓ અને જનતાને સક્રિય ભૂમિકા ભજવવા અનુરોધ કર્યો છે. આચાર્યશ્રીએ કહ્યું કે આપણો દેશ ઋષિ-મુનિઓ અને કૃષિપ્રધાન દેશ છે, આપણી પાસે કીડીને લોટ, પક્ષીને અનાજ, પ્રથમ રોટલી ગાયને અને છેલ્લી રોટલી કૂતરાને આપવાની પ્રથા છે અને એવી રીતે ભારતમાં પૂજવામાં આવતા પ્રાણીઓને જીવતા નિકાસ કરવામાં આવે છે તે અભદ્ર કૃત્ય છે.

આ મુદ્દે આચાર્ય લોકેશજીએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે આ દેશ શ્રી રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ગુરુ નાનકનો દેશ છે. આ દેશે હંમેશા નૈતિકતા અને આધ્યાત્મિકતાની વાત કરી છે. પ્રાણીઓની નિકાસને પ્રોત્સાહન આપવાની નીતિ માનવીય અન્યાય છે, જે આપણી સાંસ્કૃતિક અને ધાર્મિક માન્યતાઓ વિરુદ્ધ છે. આપણાં પ્રાણીઓ સાથે અન્યાયી વર્તન તરફ આ એક મોટું પગલું છે અને સરકારે આ નીતિ પર પુનર્વિચાર કરવાની જરૂર છે.

## પ્રેમનો ફરિશ્તો

ન સમજો તમે રમત મારા પ્રેમને,
હું દિલથી તમને પ્રેમ કરૂં છું,
ફરેબી પ્રેમમાં ફસાવતા ન મુજને,
હૂકમના પાનાનો હું એક્કો છુ.

મોહની જાળમાં ન ગુંચવો મુજને,
જાળ તોડવાનો ભેદ હું જાણું છું,
ગુલામ કોઈએ કર્યો નથી મુજને,
હૂકમનો હમેશા હું બાદશાહ છું.

આંસુ વહાવી ન પીગળાવશો મુજને,
નકલી આંસુઓને હું ઓળખું છું,
ધમકીઓ આપી ન ડરાવો મુજને,
રણભૂમીનો હું કુશળ સેનાપતિ છું.

નફરત કરવાનો દેખાવ ન કરો મુજને,
પ્રેમનો ઘૂઘવતો હું સાગર છું,
પ્રેમથી દિલમાં સમાઈ જાવ "મુરલી",
પ્રેમની દુનીયાનો હું ફરિશ્તો છું

ધનજીભાઈ ગઢીયા "મુરલી"
(જુનાગઢ)

## મસ્કો

છેવટે ક્યાંક લગાર અટકો,
નહીંતર ત્રિશંકુ થઇને લટકો.

હથેળી દમયંતીની હોય કે ના હો,
માછલી બની તમતમારે છટકો.

જરૂરી નથી કે જીવતેજીવ મળે,
લક્ષ્મી પામવા ભૂત થઇ ભટકો!

પાગલોની વાત જ ન્યારી હોય,
રાતના અંધારામાં શોધે તડકો!!

ઘરવાળી આખરે ઘરવાળી છે,
ભલેને સખી હોય રૂપનો ફટકો.

ક્યારેક હોય તો સમજી શકાય,
રોજેરોજ ખોટો છે દાદનો ચસ્કો!

ચેતવું હોય તો ચેતી જજો ભરત,
ખતરનાક છે વખાણનો મસ્કો!!

ભરત વૈષ્ણવ

## વાત પૂરી થઈ ગઈ

હમણાંજ માંડી વાત ને ત્યાં વાત પૂરી થઈ ગઈ.
એક અધૂરા ખ્વાબ સાથે આ રાત પૂરી થઈ ગઈ.

માંગી હતી ખેરાતમાં મેં ખુશીઓ ભરેલી જિંદગી.
પળ અરે! બે પળ મહીં એ ખેરાત પૂરી થઈ ગઈ.

કાંઈ ન આવ્યું હાથમાં, મેં વ્યર્થ યત્નો બહુ કર્યા.
કાળની સામે બધી મારી ઔકાત પૂરી થઈ ગઈ.

હતી પ્રતીક્ષા કે શું કદી, રાત વિરહની પૂરી થશે?
દઈને હૃદયને એક કારમો આઘાત પૂરી થઈ ગઈ.

સાચવી રાખ્યો હતો મેં પ્રેમ, જે મળ્યો ઉપહારમાં.
દર્દ એનું છે મને એ અંતિમ સોગાત પૂરી થઈ ગઈ.

મળશે ફરી મુજને નહીં એ પ્રેમ આ જીવન મહીં.
કે જિંદગી સાથેની મારી મુલાકાત પૂરી થઈ ગઈ.

શ્વાસ ચાલે છે નિરંતર ને હૃદય પણ ધબક્યા કરે.
પણ 'સનમ' જીવવાની હવે તાકાત પૂરી થઈ ગઈ.

મુકુલ દવે "સનમ".(અમદાવાદ )

## "નરો વા કુંજરો વા"

"નરો વા કુંજરો વા" એ સત્ય શુ કામ નુ,
મારે ના ભણાવે એ કર્મ ખાલી નામનુ.

જાણે જરી જરી વાત,સત્ય વચન ન ઉચ્ચરે,
એ પુરી હોય કે અયોધ્યા મહત્વ નથી ધામનુ.

મગનુ નામ મરી ના પાડે શુ કરવા ના મનખડા,
મૌન રહીને મલક્યા કરે શુ લેવાનુ નામ રામનુ.

ભીષ્મ હોય કે દ્રૌણ સત્ય બોલી ના શક્યા,
દ્રૌપદી ના દાયરામાં શુ કામ છે એ બલવાનનુ.

મૌન ના રહો મહેરબાનો જાણો છો તો બોલો,
સત્યના પક્ષે જ રહો લક્ષ છોડી દો ધનવાનનુ.

અમૃત શ્રીમાળી (અમદાવાદ)

## ( યાદ નથી કંઈ )

દુશ્મન હતાં કે યાર, સનમ યાદ નથી કંઈ,
કોણે કર્યા મુજ પર આ સિતમ યાદ નથી કંઈ.

ચાહતથી છલોછલ હતી બસ એ જ ખબર છે,
ઠંડી હતી એ ચા કે ગરમ, યાદ નથી કંઈ.

મોઢે હતો માનવતા તણો ગ્રંથ મને એક,
જગમાં હતા બીજાય ધરમ યાદ નથી કંઈ.

ઊભા હતાં સ્નેહી તો નમક હાથમાં લઈને,
દોડ્યાં હતાં લઈ કોણ મલમ યાદ નથી કંઈ.

જો હોત બધું યાદ તો બેતાબ મરી જાત,
અલ્લાહના લાખો છે કરમ યાદ નથી કંઈ.

હનીફ ખત્રી બેતાબ (લતીપુર)

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




(1) NOG SS N0: 0073
પ્રકાર..ગદ્ય
વિષય..ફાધર્સ ડે
શીર્ષક..કોમળ રહદય.

એક પિતા તરીકે હું મારા પતિને જોવ ત્યારે મને એવું લાગે કે મારા બાળકો બહુ નસીબદાર છે કે એમને આટલા સારા પ્રેમાળ પિતા મળ્યા છે જેમણે ક્યારેય બાળકો પર હાથ નથી ઊપાડ્યો કે ક્યારેય ગુસ્સે નથી થયાં,
આજથી ત્રીસ વર્ષ પહેલાંની વાત કરું જ્યારે અમારી પાસે ઘરમાં ફકત એક પંખો હતો, મારી બેબી છ મહિનાની હતી અમે એક રૂમમાં રહેતા હતા ગરમીનો સમય પંખો પણ ગરમ હવા ફેંકે બેબી આખી રાત રડે એટલે એના પપ્પાએ ખોયની ચારે બાજુ પાણી છાંટયું આખો રૂમ પાણીથી ભરી દીધો ને બેબીને ખોયમાં નાખી હીંચકો નાખ્યા કર્યો બેબી ઠંડક લાગતા સુઈ ગઈ,પછી તો એના પપ્પા રોજ રાતે આવીજ ઠંડક એની માટે કરતા એ આખીરાત સુઈ રહેતી, આ વાત મને એટલે યાદ આવી કે મારા પતિ હજુય મારા બાળકોની એટલિજ કાળજી રાખે છે,એકલી માજ બાળકો પાછળ નથી જાગતી પિતા પણ કેટલીય રાતો બાળક માટે જાગે છે, જ્યારે એક પુરુષ પિતા બને છે ત્યારે એના માથા ઉપર ફકત કમાવાની નહીં પણ બાળકોના સારા ભવિષ્ય અને સારા આરોગ્યની ભણતરની બધીજ જવાબદારી એક પિતાના માથે હોય છે,પોતાના બાળકની ઉજ્જવળ કારદીકિ બનાવવા એ બધુજ કરી છૂટવા તૈયાર હોય છે,પિતા કઠોર પણ હોય ને મૃદુ પણ હોય છે એ અનુશાસન માં માને છે,આખી દુનિયા સામે જીતી જનારો બાપ પોતાના બાળકો સામે હારવાનું પસંદ કરે છે,કારણકે એક બાપજ એવી વ્યક્તિ છે,જે પોતાના બાળકોને આગળ જતી જોવા માટે હારવાનું પસંદ કરે,એના જેટલો નિઃસ્વાર્થ પ્રેમ બીજું કોઈ ના કરી શકે, માતાના માથાનું સિંદૂર ઘરનો મોભ સમાજમાં પ્રતિષ્ઠા,આ બધુજ પિતા હોય તોજ હોય છે,પિતાના કોઈ દિવસ ના હોય પિતાથી દિવસો શરૂ થતાં હોય છે, દરેક પિતાને હેપી ફાધર્સ ડે.
નયના પટેલ નૈન.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

(2) N.O.G. S.S No. - 152
વિષય - ફાધર્સ ડે
પ્રકાર - પદ્ય
શીર્ષક - જો છે પિતા તો..
શબ્દો - ૭૨
કવિ - દિલીપ ધોળકિયા,"શ્યામ"
જૂનાગઢ.



----------------------
જો છે પિતા તો અમારી સાથ સંસાર છે..
એના વિના તો જગત આખુંય અંધાર છે..

દિવસો અને રાત એનાં કારણે ચમકતા,
મારા બધા આ સુખોનો એજ આધાર છે..

લાગે ભલે પણ પત્થર જેવા નથી દિલ થકી,
એ સ્નેહની પાસ બીજું સાવ તલભાર છે..

હું જીવતો એમના બસ શ્વાસથી વિશ્વમાં,
તુજ કારણે જીંદગી અમ પ્રેમ કંસાર છે..

એ આંખનું વ્હાલ ને એ હાથની આંગળી,
આ જિંદગી પ્રેમનો એનો જ અણસાર છે..

દિલીપ ધોળકિયા,"શ્યામ"
જૂનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

(3) NOG SS No: 0112
પ્રકારઃ અચ્છાન્દસ
વિષય : ફાધર્સ ડે
શીર્ષક : એવા તાત જોયા છે.
સદાય આંસુ આંખમાં,છુપાવતા જોયા છે.જેને કદી ન રડતા મે જોયા છે.,,,,,,,મહેનત મજૂરી કરીને,તન તોડતા જોયા છે, છતાં ન કદી ફરિયાદ કરતા જોયા છે.,,, છુપાવી દર્દ દિલમાં, હસતા મુખે જોયા છે, ખાલી ખિસ્સા એ, ભરપૂર પ્રેમ આપતા જોયા છે.,,,,,,દિકરીની વિદાય વેળા એ, સુનમૂન જોયા છે, ત્યારે મરદ મુછાળા બાપને ઢગલો થતા જોયા છે.,,,,,,,,, સુખી જોવા સંતાનને, રાત દિવસ એક કરતા જોયા છે, " રાજ '' એવા તાતના પ્રેમ સંતાને ખોયા છે.
નામ : રાજેશભાઈ એસ વ્યાસ " રાજ " ધ્રુવનગર,,,,, મોરબી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

(4) NOG SS N0 : 089

પ્રકાર : ગદ્ય

વિષય : પિતૃ દિવસ

શીર્ષક : મારા મોટાઈ

પ્રવિણા કડકિઆ

મારા મોટાઈ

★★★★★★★★★★★★★★



આજનો દિવસ આવે અને મારા મોટાઈની યાદ ન આવે એ જ નવાઈ ગણાય. ખુશીના સમાચાર તો એ છે કે જે દિવસે ફાધર્સ ડે છે એ દિવસે મારો જન્મ દિવસ પણ છે. આપણા ગુજરાતિ મહિના પ્રમાણે.
નાનપણમાં જ્યારે વર્ષગાંઠ આવે ત્યારે મમ્મી સરસ મજાની રસોઈ બનાવે. સાંજના અચૂક મંદિરમાં દર્શન કરવા લઈ જાય. એક વાત ખાસ યાદ રાખવાની શ્રીજીબાવા પાસે કશું માગવાનું નહી. માત્ર કૃપા શ્રીજીબાવા દર્શાવશે.
પિતા અને માતા બન્ને એકબીજાના પૂરક છે. તેથી તો આપણે હરખભેર ગાઈએ છીએ, "ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ". પિતાની છત્રછાયામાં બાળપણ કેટલું સુરક્ષિત હતું. આજે યાદ આવે છે આને આંખો ભરાઈ જાય છે. પિતા દીકરા તેમજ દીકરી બન્નેને સરખો પ્યાર આપે છે.
મને યાદ છે, મારા ભાઈને શાળાની પિકનિક પર જવા દેતા મને નહી. તે વખતે ગુસ્સો આવતો પણ આજે અનુભવું છું કે મારી સુરક્ષા માટે હતું. આજે જ્યારે "ઉઘાડે છોગે દીકરીઓના રેપ થાય છે". ત્યારે મનમાં પ્રશ્નોનો ઝડી વરસે છે.
ક્યાં છે તેમના પિતા ?
ક્યાં છે તેમનું રક્ષણ કરનારા?
કેવી રીતે આવા દર્રીંદા 'રેપ' કરી સમાજમાં ફરી શકે છે ?
ચાલો આજના દિવસે આવા લોકોને યાદ કરી તેની મહત્વતા ઘટાડવી નથી. જમાનો ખૂબ ઝડપથી વિચારસરણી બદલી ચૂક્યો છે. ગમે તે હોય ,દરેક પિતા પોતાના બાળકોને ખૂબ ચાહે છે. તેમની સલામતી ખાતર જાનની બાજી ખેલવા તૈયાર છે.
મારા બાળકોના પિતાએ પોતાનો પ્રેમ ખૂબ સુંદર રીતે વરસાવ્યો હતો. જેને પરિણામે બન્ને બાળકો પિતાને ઈશ્વર તુલ્ય માને છે. મારા પતિના પિતાજી તેમની નાદુરસ્ત તબિયતને કારણે આ સુખથી થોડા વંચિત હતા. છતાં તેમના દિલમાં પિતા પ્રત્યે અપાર લાગણી હતી.
બચપનની તોફાની રાણીના બધા તોફાન મારા મોટાઈ હસતે મોઢે સહી લેતાં. બાળકો લઈને વિલેપાર્લાથી આવતી તો સ્ટેશન પર ગાડી લઈને મારી રાહ જોતા ઉભા હોય.
મજા તો મને ત્યારે આવતી, મોટાઈ પાસેથી પૈસા તફડાવવાના અને હિસાબ નહી આપવાનો. બહારગામ ધંધા માટે જાય ત્યારે દરવાજામાં ઉભા રહેવાનું, 'દાપુ આપો નહિતર જવા નહી મળે'. પાછા આવે ત્યારે પહેલો સવાલ ,'અમે બન્ને બહેનો માટે શું લાવ્યા' ?
આવી બાળપણની મીઠી યાદો હવે ક્યાં સુધી હદયમાં સંગ્રહી રાખવાની ? બહોત ગઈ ને થોડી રહી. મોટાઈ 'બોનસનું ' જીવું છું. તમારા આશિર્વાદથી સંસાર સુખી છે.
બાળપણની તમારી શિક્ષા અને પિતાનું નામ રોશન કરવાની તમન્નાએ આજે જીંદગીમાં સંતોષની લાગણી અનુભવી રહી છું. મોટાઈ, આજે લખવા બેઠી છું, તો પાછી, નાની થઈ ગઈ છું. ભૂલી ગઈ કે પરિવારમાં બે દીકરા, વહુઓ અને પાંચ બાળકો છે. હકિકત છે, પણ મન માનવા કબૂલ નથી થતું. આંગણામાં રમતી હોંઉ એવા ભાવ હદયમાં વહી રહ્યા છે.
ફેલોશિપમાં જતી હતી. કિશન ડ્રાઈવર ગાડીમાં મૂકવા આવતો હતો. વરંડામાં બેસી, અરબી સમુદ્રના મોજાઓનો સંગ માણી રહી છું. આજે પણ દરિયો જોઈ પાગલ બની જાંઉ છું. કેમ ન બનું, દરિયાને કિનારે બાળપણ ગુજર્યું હતું.
પતિના પિતાજી, બાળકોના પિતા અને બાળકો જેઓ પોતે પણ ખૂબ સહૃદયી પિતા છે. સહુને પ્રેમ ભરી યાદ અને પ્રણામ. બાળકો પર ગર્વ છે, પિતા તરિકે લાજવાબ છે.
આ જીંદગી ક્યાય હાથતાળી દઈને પસાર થઈ ગઈ. બસ અંતિમ મુકામની રાહ જોતી સ્ટેશન પર બેઠી છું. આગળ નિકળી ગયેલા બધા મુસાફરોને મળવાની મુરાદ છે ! મોટાઈ તમારા ચરણોમાં વંદન.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★



(૫) ર્દંર જીજી દ્ર૦ : ૦૦૯૨
પ્રકાર :- પદ્ય
વિષય :- ફાધર્સ ડે
શિર્ષક :- પિતા મારા પ્રાણવાયુ

" તમે ન હોવ તો આ દિનની શું ઉજવણી કરું?
મનમાં તમારી યાદોના રંગોથી ઠાલા ચિત્રો હું ઘૂંટયા કરું.
હવે 'બેટા' કહેનાર કોઈ નથી એ દુઃખથી મનને સતત બાળ્યા કરું?
કે તમારી યાદોને શણગારી રોનક એની હું રોજ નિહાળ્યા કરું?

ક્યારેય આ દિનનું મહત્વ સમજાયું નહોતું,
બાપની સારપનું મૂલ્ય કદીયે અનુભવાયું નહોતું.
દીકરી ને બાપ વચ્ચે ઉભેલી મર્યાદાઓની દીવાલને ઓળંગી,
ક્યારેય વ્હાલપની એ પાર કૂદાયુ નહોતું.

પપ્પાને કહેવાથી તાણ વધશે કે એ ગુસ્સો કરશે,
એ બીકથી મન ક્યારેય તમારી સામે ખોલાયું નહોતું.
ઘણું કહેવું હતું, ફરિયાદો કરવી હતી ને સાંભળવી
આભાર - નિહારીકા રવિયા પણ હતી,
જે પીડાઓ દીકરી એ સહી, એ જખ્મોનેય, હૂંફની સારવાર પામવી હતી.

સતત રડતા મનને તમારો અભાવ ખૂબ સાલે છે,
'અનાથ' બન્યાનું દુઃખ મહિનાઓ પછીય ચાલે છે.
જીવને નૂર ખોયું એ હકીકત છે,
તમારા વિનાનું જીવવું સાચેજ બદકિસ્મત છે.

સ્નેહ, સમર્પણ ને સદભાવના તમારા વગર સુના છે,
તમારા નિવાસના એ ગામ, એ રસ્તા, એ ગલીઓ નિઃશ્વાસ છોડે ઉના છે.
કોઇ સ્વજન આટલી સહેલાઈથી પોતાનાઓને છોડી શકે?
છે કોઈ એવી કડી જે પાછા તમારી સાથે અમને જોડી શકે?"
ઈ અલકા નવિનચંદ્ર મહેતા.ગાંધીનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

(6) NOG SS No: 120
પ્રકારઃ પદ્ય (અછાંદસ)
વિષય : ફાધર્સ ડે
શીર્ષક : ★પિતાજી★
સરળને સીધાસાદા મારા પિતાજી,
મને લાડ લડાવતા મારા પિતાજી.
જીવન ધન્ય બનાવનાર મારા પિતાજીકશીવાતે ખોટ ન દેનાર મારા પિતાજી
મારું સર્વસ્વ ગણાય મારા પિતાજી,
ડગલેને પગલે યાદ આવે મારા પિતાજી.

# અમે કોઈ પણ ભેદભાવ, જ્ઞાતિવાદ, જૂથબંધીમાં પડ્યા વગર સૌના સાથથી ગુજરાતના સર્વાંગી વિકાસ માટે કામ કરીશું. : શક્તિસિંહ







ગુજરાતના ખૂણે ખૂણેથી વિશાળ સંખ્યામાં માનવ મહેરામણ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલને સમર્થન અને શુભકામના આપવા માટે અમદાવાદના સાબરમતી ગાંધી આશ્રમ ખાતે ઉમટી પડ્યો હતો. પદગ્રહણ કરતા પહેલા ગાંધી આશ્રમ ખાતે પ્રાર્થના સભામાં શ્રી શક્તિસિંહ ગોહિલએ હાજરી આપી હતી અને પૂજ્ય મહાત્મા ગાંધીજીને પુષ્પો અર્પણ કરી આશીર્વાદ લીધા હતા.

ગાંધી આશ્રમથી પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય સુધીની લાંબી પદયાત્રામાં શક્તિસિંહ ગોહિલની સાથે હજારો સમર્થકો જોડાયા હતા. ગુજરાતની સંસ્કૃતિને રજુ કરતા રાસ તથા આદિવાસી નૃત્ય સાથે કોંગ્રેસના સમર્થકોએ પદયાત્રાને ખુબ જ રોચક બનાવી હતી.

રાજીવ ગાંધી પ્રદેશ કાર્યાલય ખાતે કોંગ્રેસ પક્ષના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષશ્રી શક્તિસિંહ ગોહિલે તમામ શુભચિંતકોનો નત મસ્તકે આભાર માનતા જણાવ્યું હતું કે આપણા ગુજરાતમાં યુવાનોને રોજગારી, ખેડૂતોને સારા ભાવ, અસહ્ય મોંઘવારી, પશુઓના ગૌચર, ફિક્સ પગાર, પેપર ફૂટવા, નાના વેપારીને સમસ્યા, કાયદો અને વ્યવસ્થાની કથળેલી પરીસ્થિતિ, અતિશય ભ્રષ્ટાચાર જેવી અનેક સમસ્યાઓ છે. ત્યારે કોંગ્રેસ પક્ષ જનતાના પ્રશ્નોને વાચા આપશે. આપણા ગુજરાતનો ઈતિહાસ ગૌરવવંતો છે. અહીં ગુજરાતનો આજે સમતુલિત વિકાસ નથી. મુઠ્ઠીભર માલામાલ થાય છે અને આમ ગુજરાતી મુશ્કેલીમાં છે. ત્યારે ગુજરાતની સાચી અસ્મિતાના સ્થાપન માટે સૌ ગુજરાતીઓના સાથ, સમર્થન અને આશીર્વાદની અમારે જરૂર છે. અમે કોઈ પણ ભેદભાવ, જ્ઞાતિવાદ, જૂથબંધીમાં પડ્યા વગર સૌના સાથથી ગુજરાતના સર્વાંગી વિકાસ માટે કામ કરીશું. અમારા આ પ્રયાસમાં તમામ ગુજરાતીઓ જોડાય તેવી નમ્ર વિનંતી છે.

સાબરમતી આશ્રમ, ગાંધી આશ્રમથી રાજીવ ગાંધી ભવન સુધીની પદયાત્રામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સીમીતીના પૂર્વ પ્રમુખશ્રી શ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી ભરતસિંહ સોલંકી, શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિતભાઈ ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષઅ પૂર્વ નેતાશ્રી પરેશભાઈ ધાનાણી, શ્રી સુખરામભાઈ રાઠવા, પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો.તુષારભાઈ ચૌધરી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શ્રી શૈલેષભાઈ પરમાર રાજ્યસભા સાંસદશ્રી અમીબેન યાગ્નિક, શ્રી નારણભાઈ રાઠવા, એ.આઈ.સી.સી.ના વરિષ્ઠ નેતા અને દિલ્હી અને હરિયાણાના પ્રભારી શ્રી દીપકભાઈ બાબરીયા, એ.આઈ.સી.સી.ના મંત્રીશ્રી ઉષાબેન નાયડુ, શ્રી રામકિશન ઓઝા, શ્રી બી.એમ. સંદીપ, શ્રી સોનલબેન પટેલ, સેવાદલના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી લાલજીભાઈ દેસાઈ, રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી રોહન ગુપ્તા, પ્રદેશ કોંગ્રસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ શ્રી હિંમતસિંહ પટેલ, શ્રી લલીત કગથરા, શ્રી જીગ્નેશ મેવાણી, શ્રી ઋત્વિકભાઈ પટેલ, શ્રી કદીરભાઈ પીરઝાદા, શ્રી ઈંદ્રવિજયસિંહ ગોહિલ, શ્રી અંબરીષ ડેર, પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખશ્રી હરપાલસિંહ ચુડાસમા, એન.એસ.યુ.આઈ. ના પ્રમુખ શ્રી નરેન્દ્ર સોલંકી, મહિલા કોંગ્રેસ પ્રમુખશ્રી જેનીબેન ઠુંમર, પ્રદેશ સેવાદલના પ્રમુખ શ્રી વિજય પટેલ સહિત વિવિધ ફ્રન્ટલ – ડીપાર્ટમેન્ટના પ્રમુખશ્રીઓ, પ્રદેશના હોદ્દેદારશ્રીઓ આગેવાનશ્રીઓ અને મોટી સંખ્યામાં કોંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓ સાથે સમગ્ર રાજયમાંથી વિવિધ ક્ષેત્રો સંકળાયેલા અગ્રણીઓ ઉમળકાભેર સ્થાનિક લોકો પણ જોડાયા હતા.



માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબના વરદ હસ્તે ગાંધીનગર ખાતે રક્ષાશક્તિ સર્કલ પર નવનિર્મિત ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના માન. મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ ઉપસ્થિત રહી જણાવ્યું હતું કે આ ઓવરબ્રિજના કારણે લોકોને ટ્રાફિકની સમસ્યા માંથી મુક્તિ મળશે, સમય અને પેટ્રોલની બચત થશે તેમજ પર્યાવરણને પણ ફાયદો થશે. આ પ્રસંગે અમદાવાદ પૂર્વના સાંસદશ્રી એચ. એસ. પટેલ, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, દક્ષિણ વિધાનસભાના ધારાસભ્યશ્રી અલ્પેશભાઈ ઠાકોર, શહેર ભાજપ અધ્યક્ષશ્રી રુચિરભાઈ ભટ્ટ, ડે.મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, કાઉન્સિલરશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.






માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જીના પ્રેરણાત્મક કાર્યક્રમ "મન કી બાત" નો એપિસોડ કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબની પ્રેરણાથી સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે ચાલી રહેલ "નિઃશુલ્ક આહાર કેન્દ્ર" ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાના માન. મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ કાર્યકર્તાઓ સાથે નિહાળ્યો હતો. આ અવસરે મેયરશ્રી એ જણાવ્યું હતું કે "મન કી બાત" દ્વારા માન.પ્રધાનમંત્રીશ્રી લોક અને રાષ્ટ્ર સેવા માટે દર મહિને એક નવો વિચાર, એક નવો સંદેશ લોકો સામે મૂકીને આપણને સૌને પ્રેરિત કરે છે. આ દરમ્યાન ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, શહેર પ્રમુખશ્રી રુચિરભાઈ ભટ્ટ, ડે.મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, શહેર મહામંત્રીશ્રીઓ તેમજ વોર્ડ પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોમર્સમાં એફવાયમાં પ્રવેશ માટે ૧૧૫૦૦ ફોર્મ ભરાયા પણ ૫૩૨૦ને જ પ્રવેશ મળશે, સત્તાધીશોની નીતિ સામે આંદોલનની ચીમકી



જેની સામે આ વખતે ૧૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા હોવાથી કોમર્સમાં હજારો વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી જાય તેવી સ્થિતિ છે. દર વર્ષે ફેકલ્ટી દ્વારા ૭૦૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે પણ આ વખતે ફેકલ્ટી અને યુનિવર્સિટી સત્તાધીશોએ આપખુદશાહી વાપરીને અચાનક જ વિદ્યાર્થીઓની સંખ્યા ઘટાડી દેવાનો નિર્ણય કર્યો છે. આ પ્રકારની તાનાશાહી સામે વિદ્યાર્થીઓમાં હવે વિરોધ પણ શરુ થઈ ગયો છે.

આજે વિદ્યાર્થી સંગઠન દ્વારા બીબીએની પ્રવેશ પરીક્ષા સમયે દેખાવો કરવામાં આવ્યા હતા અને ફેકલ્ટી ડીનને રજૂઆત કરીને જો પ્રવેશનો નિર્ણય પાછો ના ખેંચાય તો આંદોલનની ચીમકી પણ આપી હતી. આવતીકાલ, સોમવારથી કોમર્સ ફેકલ્ટી સહિત યુનિવર્સિટીમાં નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે પહેલા જ દિવસથી ફેકલ્ટીમાં આંદોલનના ભણકારા વાગી રહ્યા છે.

બીજી તરફ ફેકલ્ટી અને યુનિવર્સિટીના સત્તાધીશોનુ ૫૩૨૦ વિદ્યાર્થીઓથી વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ નહીં આપવાનુ અક્કડ વલણ યથાવત છે. કોમર્સમાં હાજરી પૂરવાનો નિયમ લાગુ જ નથી પડતો છતા સત્તાધીશો દલીલ કરી રહ્યા છે કે, અમારી પાસે વિદ્યાર્થીઓને બેસાડવાની જગ્યા નથી.

# ઉત્તર ગુજરાતના જીવાદોરી સમાન ધરોઈ ડેમમાં નવા નીર આવ્યાં, રાત્રે ૧૨,૨૨૨ ક્યુસેક પાણીની આવક નોંધાઇ



બીપોરજોય વાવાઝોડાને કારણે મહેસાણા સહિત ઉત્તર ગુજરાતમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. વાવાઝોડું રાજસ્થાન તરફ જતા ત્યાં પણ વરસાદી માહોલ જમ્યો હતો. હાલમાં ઉપરવાસમાં ભારે વરસાદને લઈને ધરોઈ ડેમમાં પાણીની આવક નોંધાઈ છે. રાત્રે એકાએક ધરોઈ ડેમની જળ સપાટીમા વધારો પણ જોવા મળ્યો હતો.ઉત્તર ગુજરાત આવેલા સતલાસણા તાલુકાના ધરોઈ ડેમમાં આવતું પાણી અન્ય જિલ્લાઓને પણ સિંચાઇ અને પીવા માટે આશીર્વાદ રૂપ છે. ત્યારે ઉપરવાસમાં પડેલા વરસાદને કારણે ગઈ કાલે રાત્રે દસ કલાકે ધરોઈ ડેમમાં નવા નીર આવ્યાં હતા. નવા નીર આવતા સમગ્ર પંથકમાં ખુશીની લહેર છવાઈ હતી.ધરોઈ ડેમની કુલ સપાટી ૧૮૯.૫૯ મીટર અને ૬૨૨ ફૂટ છે ત્યારે હાલની સપાટી ૧૮૩.૯૧૦ મીટર અને ૬૦૩.૩૭ ફૂટ છે. ગઈ કાલે રાત્રે ૧૦ કલાકે પાણીની ૧૨૨૨૨ ક્યુસેક નોંધાઇ હતી. જ્યારે ડેમમાંથી ૫૦ ક્યુસેક પાણી છોડવામા આવી રહ્યુંછે. હાલમાં ડેમમાં પાણીનો જથ્થો ૪૧.૭૬% છે. તેમજ હજુ પણ પાણીની આવક ચાલુ છે.

# દાહોદ : બીજા રાજ્યના બુટલેગરોએ પોલીસ પર કર્યો હુમલો, પોલીસ જીપ પણ બાળી નાંખી

દાહોદ,તા.૧૮

દાહોદ જિલ્લાના સાગટાળાના કાળીયાકુવા રોડ ઉપર પોલીસ ઉપર ફાયરીંગ અને પોલીસની ગાડી સળગાવી દેવાની ઘટના બની છે. દારૂની ભરેલી ગાડી રોકવા જતા પોલીસ ઉપર ફાયરીંગ કરાયું હતુ અને બુટલેગરોએ પોલીસની ગાડી સળગાવી હતી. મધ્યપ્રદેશના અલીરાજપુર, કઠીવાડા અને ગુજરાતના નાની વડોઈના બુટલેગરે પોલીસ ઉપર હુમલો કર્યો અને ફાયરીંગ કર્યુ હતુ. જેમાં સામે પોલીસે પણ સ્વબચાવમાં ત્રણ રાઉન્ડ ફાયરીંગ કર્યુ હતું.

આ વિશે દાહોદના એસપી બલરામ મીનાએ જણાવ્યું કે, ૧૮ જુન ૨૦૨૩ ના રોજ રાતે ૧.૧૫ કલાકે દાહોદ જિલ્લાનાં કાલીયાકુવા ગામ રોડ ઉપર સાગટાળા થાણા ઈન્ચાર્જ તથા પોલીસ કર્મચારીઓ દારૂની માહિતી વિશે વૉચ પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન પોલીસ ટીમ ઉપર બુટલેગર (૧) કુતરીયાભાઇ રામજીભાઇ નાયક (રહે. નાની વડોઇ, તા.કઠીવાળા, જી.અલીરાજપુર (મધ્યપ્રદેશ) (૨) દિલીપભાઇ શંકરભાઇ નાયક (રહે.ઉંમરવડા તા.કઠીવાડા જી.અલીરાજપુર (મધ્યપ્રદેશ) (૩) રાજુભાઇ શંકરભાઇ તોમર (તા.કઠીવાડા જી.અલીરાજપુર (મધ્યપ્રદેશ) તથા તેઓની સાથે બીજા આશરે પંદરેક માણસો મોટર સાયકલો ઉપર આવ્યા હતા.તમામ લોકોએ હાથમાં તીર-કામઠા, ધારીયા-પાળીયા, લાકડી તેમજ પાઇપો જેવા મારક હથિયારો ધારણ કરી ગેરકાયદેસર મંડળી રચી હતી. આ ટોળકીએ પ્રાણઘાતક હથિયારો સાથે સજ્જ થઇ હુમલો કરતા અને સરકારી વાહનને નુકસાન કરતા પોલીસે સ્વબચાવમાં ત્રણ રાઉન્ડ ફાયર કર્યું હતું. જેના બાદ તમામ આરોપીઓ પોતપોતાની મોટરસાયકલ પર બેસી ભાગી ગયા છે.

# રાધનપુરના અનેક વિસ્તારોમાં હજુ પણ વિદ્યુત પ્રવાહ બંધ, રહીશોએ વીજ પૂરવઠો તાત્કાલીક શરૂ કરવા રજૂઆત કરી



રાધનપુરમાં બીપરજોય વાવાઝોડાની અસરને લઈ બે દિવસ ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેથી અનેક વીજ થાંભલા પડી ગયા હતા અને તૂટી જવાના બનાવો બન્યા હતા. જેના કારણે રાધનપુર શહેર અને ગામ્યવિસ્તારમાં લાઈટ ડૂલ થઈ હતી, જેથી રહીશો પરેશાન થયા હતા. ત્યારે રાધનપુર વિસ્તારમાં છેલ્લા ૪૮ કલાકથી લાઈટ બંધ છે. જેથી રહીશોએ જીઈબી કચેરીમાં આવેદનપત્ર પાઠવી ઝડપી વીજપૂરવઠો ફરી શરૂ કરવા રજુઆત કરી હતી.

પાટણ જિલ્લાના રાધનપુરમાં વાવાઝોડાને કારણે ભારે પવન ફૂંકાયો હતો. જેથી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પોલ તેમજ વીજ વાયરોને નુકસાન થતા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વિદ્યુત પ્રવાહ બંધ થયો હતો. શહેરમાં મોટા ભાગના વિસ્તારોમાં ૪૮ કલાક વીજ પ્રવાહ બંધ રહેતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં હતા. વાવાઝોડાનો ખતરો ટળ્યાના કલાકો બાદ પણ જીઇબી કચેરીના સ્ટાફ દ્વારા શહેરના અંદરના મોટા ભાગના લાડવાશેરી, કુંભારવાસ, ભોજક વાસ વિસ્તારમાં ૪૮ કલાકથી લાઈટો શરૂ કરવામાં ન આવતા વિસ્તારના રહીશો રાધનપુર જીઈબી કચેરીમાં રજૂઆત કરવા પહોંચ્યા હતા. જોકે, જીઇબી કચેરીના સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે.

# વાવાઝોડાને કારણે ઉત્તર ગુજરાતમાં પૂર આવ્યું, મોડી રાતે ફસાયેલા લોકોના રેસ્ક્યૂ કરાયા

કચ્છ, સૌરાષ્ટ્રમાં તબાહી મચાવ્યા બાદ હવે વાવાઝોડાની વ્યાપક અસર ઉત્તર ગુજરાતમાં જોવા મળી છે. ઉત્તર ગુજરાતનો કોઈ જિલ્લો બાકી નહિ હોય, જયા શનિવારે વરસાદ વરસ્યો ન હોય. બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી તમામ તાલુકામાં વાવાઝોડાની આફટર ઈફેક્ટ જોવા મળી હતી. શનિવારે આ તમામ જિલ્લાઓમાં અતિભારે વરસાદ જોવા મળ્યો. ઉત્તર ગુજરાતમાં મન મૂકીને મેઘરાજા વરસ્યા. જેમાં સૌથી વધુ અમીરગઢમાં ૬.૫ ઈંચ વરસાદ, પાટણથી લઈને પાલનપુર પાણી પાણી જોવા મળ્યુ. આવામાં ધાનેરાના આલવાડા ગામના વહેણમા મોડી રાત્રે ૮ લોકો ફસાયા હતા. જેમાંથી ૩ લોકોનું રેસ્ક્યૂ કરાયુ છે, બાકીનાની શોધખોળ હજી ચાલુ છે.

બિપોરજોય વાવાઝોડાના પગલે દક્ષિણ રાજસ્થાનમાં ભારે વરસાદ જોવા મળ્યો. રાજસ્થાનમાં ભારે વરસાદને પગલે રેલ નદીમાં પૂર આવ્યું. રેલ નદીના પટમાં ધાનેરાના આલવાડા ગામના વહેણમા મોડી રાત્રે ૮ લોકો ફસાયા હતા. ધાનેરાના આલવાડા ગામના વહેણમા મોડી રાત્રે ૮ લોકો ફસાયા હતા. આલવાડાંના વહેણમાં ઈકો ગાડીમાં ૪ લોકો અને બોલેરો ગાડીમાં ૪ લોકો ફસાયા હતા. ૭ લોકોને રેસ્ક્યુ કરી બચાવાયા, ઈક્કો ગાડીના ચાલકની શોધખોળ હાથ ધરાઈ. ૩ લોકોનું આલવાડા ગામના લોકોએ રેસ્ક્યુ કર્યું, ૪ લોકોને હદ્ધાંકિ ની ટીમે રેસ્ક્યુ કર્યું. ભારે વરસદના લીધે ધાનેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં સ્થાનિક વહેણ થયા શરૂ. અત્યાર સુધી ૧૧ લોકોને કરાયા રેસક્યુ કરાયા. બનાસકાંઠા કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિક્ષક ધાનેરાની મુલાકાતે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.